પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૧૫ | ૧૫ ઓક્ટોબર, ૨૦૨૧, શુક્રવાર; આસો સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ...તો ફરીવાર સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવશે

### કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે આપી ચેતવણી : ગોવાના એક કાર્યક્રમમાં અમિત શાહે કહ્યું કે જો પાકિસ્તાન કાશ્મીરમાં નાગરિકોની હત્યા કરવાનું બંધ નહિ કરે તો વધુ આકરા પગલા લેવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૪

સરહદ પર નાપાક પાકિસ્તાનની અવળચંડાઈ બંધ થવાનું નામ નથી લઈ રહી. સરહદ પર સેનાની જવાનો પર છુપાઈને હુમલો કરનારા પાકિસ્તાનને ભારતે સ્પષ્ટ ચેતવણી આપી દીધી છે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે ગોવામાં પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે, પાકિસ્તાન નહીં સુધરે તો ફરી એકવાર સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવશે. અમિત શાહે પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું કે, ×પીએમ મોદીના નેતૃત્વ હેઠળ સર્જિકલ સ્ટ્રાઈક એક મહત્વનું પગલું હતું. આ સ્ટ્રાઈક દ્વારા અમે સંદેશ આપ્યો હતો કે કોઈ પણ ભારતની સરહદો પર હુમલા કરશે તો સહન કરવામાં નહી આવે.

ગોવાના એક કાર્યક્રમમાં અમિત શાહે પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે, જો તે કાશ્મીરમાં નાગરિકોની હત્યા કરવાનું બંધ નહિ કરે તો વધુ સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવશે. વધુમાં જણાવ્યુ કે'' સર્જિકલ સ્ટ્રાઈકે સાબિત કર્યું છે કે અમે દેશની સીમા પર હુમલાઓ સહન કરતા નથી, જો તમે ઉલ્લંઘન કરશો તો વધુ સ્ટ્રાઈક કરવામાં આવશે'' વધુમાં શાહે કહ્યું કે, ''પીએમ મોદીના નેતૃત્વ હેઠળ સર્જિકલ સ્ટ્રાઈક એક મહત્વનું પગલું હતું. આ સ્ટ્રાઈક દ્વારા અમે સંદેશ આપ્યો હતો કે કોઈ પણ ભારતની સરહદો પર હુમલા કરશે તો સહન કરવામાં નહી આવે. વાતચીતનો સમય પૂર્ણ થયો, હવે વળતર આપવાનો સમય આવી ગયો છે.'' દેવેન્દ્ર ફડણવીસના જણાવ્યા અનુસાર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગોવાની મુલાકાત દરમિયાન કેટલાક સત્તાવાર કાર્યક્રમોમાં હાજરી આપશે અને પાર્ટી સાથે બેઠકો પણ કરશે. તમને જણાવી દઈએ કે, ભાજપે ગોવામાં ચૂંટણી પ્રભારી તરીકે દેવેન્દ્ર ફડણવીસની નિમણૂક કરી છે.

અમિત શાહ આ મુલાકાત દરમિયાન ગોવાના ધારબંદોરામાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીનો શિલાન્યાસ કરશે. તેમજ તેલીગાંવમાં ભાજપના કાર્યકરોને સંબોધિત કરશે અને ભાજપના ધારાસભ્યો અને વરિષ્ઠ નેતાઓને મળશે.

## દેશના ૧૧૬ પાવર પ્લાન્ટમાં કોલસા સંકટ

### સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટીએ સ્થિતિ દર્શાવી : ૧૮ પાવર પ્લાન્ટ્સમાં કોલસાનો સ્ટોક બચ્યો નથી

નવી દિલ્હી, તા.૧૪

સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી એ ભારતમાં કોલસાથી વીજળી બનાવનારા પાવર પ્લાન્ટ્સની તાજા સ્થિતિ બહાર પાડી છે. ઝઈછ ના રિપોર્ટ મુજબ દેશના ૧૧૬ પાવર પ્લાન્ટ્સ કોલસાની તંગી સામે ઝઝૂમી રહ્યા છે. ૧૮ પાવર પ્લાન્ટ્સમાં એક પણ દિવસનો કોલસાનો સ્ટોક બચ્યો નથી. જ્યારે ૨૬ પાવર પ્લાન્ટ્સમાં ફક્ત એક દિવસનો જ કોલસાનો સ્ટોક બચ્યો છે. સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી ના રિપોર્ટ મુજબ ૧૭ પાવર પ્લાન્ટ્સમાં ફક્ત ૨ દિવસનો કોલસાનો સ્ટોક છે. ૧૮ પાવર પ્લાન્ટ્સમાં ૩ દિવસ અને ૧૯ પ્લાન્ટ્સમાં ૪ દિવસનો સ્ટોક બચ્યો છે. એ જ રીતે દેશના ૧૦ પાવર પ્લાન્ટ્સમાં ૫ દિવસનો કોલસાનો સ્ટોક બચ્યો છે અને ૭ પાવર પ્લાન્ટ્સમાં ૬ દિવસનો કોલસાનો સ્ટોક છે.

ફ્લેટ વેચવાનો છે
સે.૧૪, બ્લોક નં. ૧૭/૧૯૪, MIG, 1BHK, ગ્રાઉન્ડ ફ્લોર, રીનોવેશન કરેલ, ગેસ લાઈન સાથે.
૩૨ લાખ ફીક્સ
શૈલેષભાઈ મહેતા
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

બોર્ડ - કોર્પોરેશન - બેંકો - કંપનીઓ અને નગરજનો માટે ખુશખબર
દિપાવલીના તહેવારો માટે તમામ પ્રકારના ફ્રેશ ડ્રાય ફ્રૂટ્સ તથા રૂ. ૩૦૦ થી રૂ. ૨૫૦૦ સુધીના ૪૦ જેટલી વેરાઈટીના ફેન્સી ડ્રાય ફ્રુટ બોક્સ વ્યાજબી ભાવે ઉપલબ્ધ....
અરિહંત ડ્રાય ફ્રૂટ્સ
સેક્ટર ૨૨ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડા સામે, પોસ્ટ ઓફિસની બાજુમાં, ગાંધીનગર.
સંપર્ક :
હેમાંગ ગાંધી-૯૩૭૭૭ ૨૩૧૬૪ ● આર.ડી.ગાંધી-૯૯૨૪૧ ૨૩૧૬૪




આમંત્રણ
"અરિહંત"
નવી બ્રાંચ આપના સરગાસણમાં
દશેરાના શુભ દિવસે
વિગ્રહી સૌ કારણ આપના,
આગ્રહી છીએ આપની શુભેચ્છાના...
- હિરેન હસમુખરાય જાટકીયા
તારીખ: ૧૫-૧૦-૨૦૨૧, શુક્રવાર
સમય: આપના આગમન સુધી
સ્થળ: અરિહંત, દુકાન નં - ૧૦, સિધ્ધરાજ ઝોરી, એસ.જી. હાઈવેની સામે, સરગાસણ ક્રોસ રોડ, ગાંધીનગર, ગુજરાત : ૩૮૨૪૨૧
મો: ૯૯૦૯૯૭૫૯૯૩
email : hiren2708@gmail.com
જેન્ટસ વિયર, લેડીઝ વિયર, ચિલ્ડ્રન વિયર, હેન્ડલુમ, સ્કુલ યુનિફોર્મ, અન્ડર ગારમેન્ટ, સિઝનલ વિયર

aashka HOSPITALS
NABH ACCREDITED
વિજયા દશમીની હાર્દિક શુભકામનાઓ
નિ:શુલ્ક સુપર સ્પેશિયાલિસ્ટ કન્સલ્ટેશન કેમ્પ
ન્યુરો અને સ્પાઇન — તમામ પ્રકારની ન્યુરો અને સ્પાઇન સમસ્યાઓ માટે
ઓન્કોલોજી — લોહી અને કેન્સરની તમામ સમસ્યાઓ માટે
જોઇન્ટ રિપ્લેસમેન્ટ — ઘૂંટણ, હિપ અને અન્ય સાંધા સંબંધિત સમસ્યાઓ માટે
17 ઓક્ટોબર 2021, રવિવાર — સમય: સવારે 10.00 થી બપોરે 12.00 • સ્થળ: ઓપીડી, આશ્કા હોસ્પિટલ્સ, ગાંધીનગર
• 200 બેડની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ • 6-CLASS 100 ઓપરેશન થિયેટર • 56-CLASS 100,000 આઈ.સી.યુ. બેડ
• ટ્રોમા અને ઇમરજન્સી માટે નિષ્ણાંત ડોક્ટર્સ ચોવીસ કલાક ઉપલબ્ધ • 24X7 ઉપલબ્ધ સેવાઓ: ફાર્મસી • પેથોલોજી • ડાયગ્નોસ્ટિક



ઇમરજન્સી કોન્ટેક્ટ
75750 07707 / 98797 52777
પેશન્ટ કો ઓર્ડિનેટર
75750 07717 / 75750 07724
સરગાસણ અને રિલાયન્સ ચાર રસ્તા વચ્ચે, સરગાસણ, ગાંધીનગર - 382421, ગુજરાત, ભારત www.aashkahospitals.in aashkahospitals aashkahospitalsltd